# કોરિડોર કેસમાં માયાવતીને મોટો ફટકો

## ૧૭ કરોડના કૌભાંડમાં પ્રોસિક્યુશનની માંગ કરતી અરજી પર માયાવતીને જવાબ આપવા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો

નવી દિલ્હી,તા. ૨૮

બહુજન સમાજપાર્ટીના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા એક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે ૧૭ કરોડના તાજ કોરિડોર કેસમાં તેમની સામે ખટલો ચલાવવાની માંગ કરતી અરજી પર જવાબ આપવા માયાવતીને આદેશ કર્યો હતો. રાજ્યપાલની મંજૂરી વગર કેસમાં તેમની સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. અહેવાલ મુજબ સુપ્રીમ કોર્ટે લખનૌઉ સ્થિત કાર્યકર અને વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ આપ્યો હતો. લખનૌઉ સ્થિત કાર્યકરે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી. તાજ કોરીડોર કેસમાં નવેમ્બર ૨૦૧૨ના અલ્લાબાદ હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને સુપ્રીમમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે ગયા વર્ષે નવેમ્બર મહિનામાં બસપના વડા માયાવતી સામે ચાર્જશીટ ફગાવી દેવાના લીલીઝંડી આપી હતી. રાજ્યપાલ તરફથી પ્રોસીક્યુસન માટે મંજૂરીની



### માયાવતી મુશ્કેલીમાં .......

- રાજ્યપાલની મંજુરી વગર ખટલાની માંગને લઈને ખેંચતાણ
- માયાવતી સામે ખટલો ચલાવવાની માંગ કરતી અરજી પર ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીને જવાબ આપવાનો આદેશ
- જસ્ટિસ એચએલ દત્તુ અને રંજન ગોગોઈની બનેલી બેંચનો આદેશ
- બસપના વડાને રાહત આપતા અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકતી અરજીના આધારે કેન્દ્ર, સીબીઆઈ અને ઉત્તર પ્રદેશ સરકારને પણ નોટિસ ફટકારાઈ
- સુપ્રીમ કોર્ટે પાંચમી નવેમ્બર ૨૦૧૨ના ચુકાદા સામે અરજી પર સુનાવણી હાથ ધરી
- અરજી દારો દ્વારા રજુઆત કરાઈ કે રાજ્યપાલની મંજુરી વગર પણ તેમની સામે ખટલો ચલાવી શકાય છે

ગેરહાજરીમાં માયાવતી સામે ચાર્જશીટને ફગાવી દેવામાં આવી હતી. અગાઉ સ્થાનિક વકીલ એસપીસિંહ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. ૩જી જૂન ૨૦૦૭ના દિવસે ઉત્તર પ્રદેશના તત્કાલિન રાજ્યપાલના આદેશને રદ કરવા માટેનો આદેશ આપવાની માંગ કરી આ અરજી અલ્લાબાદ હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. ૩જી જૂન ૨૦૦૭ના દિવસે તત્કાલીન રાજ્યપાલ ટી વી રાજેશ્વરે માયાવતી અને અન્ય એક તેમના સાથી નસિમુદીન સિદ્દિકી સામે પ્રોસીક્યુશનની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ ખાસ અદાલતે તાજ કોરીડોર કેસમાં તેમની સામે કાર્યવાહીને પડતી મૂકી દીધી હતી. ૫મી જૂન ૨૦૦૭ના દિવસે તેમની સામે કાર્યવાહી પડતી મૂકાઈ હતી. વર્ષ ૨૦૦૨માં માયાવતીએ તાજ મોલ નજીક એક વિસ્તારને ખૂબસુરત બનાવવા માટે કોરિડોર પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો. એક વર્ષ બાદ સુપ્રીમ કોર્ટે તાજ કોરિડોર પ્રોજેક્ટમાં કૌભાંડમાં તપાસ કરવા સીબીઆઈને આદેશ કર્યો હતો.

## ભાજપ સરકારને તોડવાની યોજના નથી : યેદીયુરપ્પા

બેંગલોર, તા. ૨૮

શાસક ભાજપ સરકારમાં પોતાના વફાદાર ૧૩ ધારાસભ્યોની રાજીનામાંની જાહેરાતની કર્ણાટકમાં ઉભા થયેલ રાજકીય સંકટ વચ્ચે ૩ કર્ણાટક જનતા પાર્ટી (કેજેપી)ના સુપ્રીમો બી.એસ.યેદીયુરપ્પાએ આજે કહ્યું હતું કે, ભાજપની સરકાર તોડવાની કોઈ ઈચ્છા નથી. યેદીયુરપ્પાએ સાથે એ પણ સંકેત આપ્યો હતો કે ૮ ફેબ્રુઆરીએ શેટ્ટાર સરકાર દ્વારા રજૂ કરવામાં આવનાર બજેટના વિરોધમાં નથી. બે માસ પહેલાં ભાજપ સાથે છેડો ફાડનાર યેદીયુરપ્પાએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, અમારો ધ્યેય સરકાર તોડવાનો નથી. તેમણે કહ્યું હતું કે, જો મારી નિયત ખરેખર સરકાર તોડવાની હોત તો ૯મી ડિસેમ્બરે જ સરકાર તોડી દેત અને ભાજપના ધારાસભ્યોને તે દિવસેજ રાજીનામું આપવાનું કહી દેત. તેમના પક્ષની ઔપચારિક રચનાના પ્રસંગે આ ધારાસભ્યો તેમની સાથે મંચ પર હતા. રાજીનામાની જાહેરાત કરનાર ૧૩ ભાજપ ધારાસભ્યોના સંબંધમાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણી ઘણી ઝડપથી આવી રહી છે. તેઓ માત્રને માત્ર કેજેપીને મજબૂત કરવા માટે સામેલ થયા છે. તેમણે કહ્યું હતું કે, આ ધારાસભ્યોની ઈચ્છા સરકાર તોડવાની નથી. જો બજેટ રજૂ કરવાનો વિરોધ ઈચ્છતો હોત તો એક સાથે ૨૦ ધારાસભ્યોને રાજીનામું અપાવત. અમારો ધ્યેય માત્ર કેજેપીને મજબૂત બનાવવાનો છે. અત્રેએ ઉલ્લેખનીય છે કે, ભાજપના ૧૩ ધારાસભ્યોએ ૨૩મી જાન્યુઆરીના રોજ સ્પીકરને રાજીનામું સોંપવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ તે વખતે શહેરમાં હાજર ન હતા.

## તામિલનાડુ કરતા કર્ણાટકને પાણીની વધુ જરૂર : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૨૮

જયલલિતાના નેતૃત્વમાં તમિલનાડુ સરકારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે કાવેરી નદીના પાણીની તમિલનાડુની સરખામણીમાં કર્ણાટકને વધુ જરૂર છે. સુપ્રીમે ઠેરવ્યું હતું કે સિંચાઈની જરૂરિયાત કરતા વધુ મહત્વપૂર્ણ બાબત કર્ણાટકમાં રહેતા લાખો લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ બને તે અતિ જરૂરી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૨મી જાન્યુઆરીના દિવસે તામિલનાડુ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે આ આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અન્ય ઘણા બધાં મુદ્દાઓ પણ રજૂ કર્યા હતા. કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલ એવોર્ડ મુજબ પાણી જારી કરવા કર્ણાટક સરકારની નિષ્ફળતા બદલ પાકને થયેલા નુકસાનના બદલામાં વળતરની માંગ તામિલનાડુ સરકાર દ્વારા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તામિલનાડુની સિંચાઈની જરૂરિયાત કરતા કર્ણાટકની પીવાના પાણીની જરૂરિયાત વધારે મહત્વપૂર્ણ છે.

જો કે સુપ્રીમ કોર્ટે આવતીકાલ સુધી પીવાના પાણીના ઉપયોગ અંગે તેની રજૂઆત કરવા અને સંપૂર્ણ માહિતી રજૂ કરવા કર્ણાટક સરકારને આદેશ કર્યો હતો. અગાઉ તામિલનાડુના મુખ્યમંત્રીએ એક દાવો રજૂ કરીને કાવેરી નિરીક્ષણ સમીતિના તારણોના આધાર પર કર્ણાટક પાસેથી વળતરની માંગ કરી હતી. આ કમીટિએ સૂચન કર્યું હતું કે કર્ણાટક તામિલનાડુની જળની વહેચણી જારી કરવામાં નિષ્ફળ રહી છે. તામિલનાડુ સરકારે દાવો કર્યો હતો કે પડોશી રાજ્ય દ્વારા પાણી જારી કરવામાં નિષ્ફળતાના લીધે રાજ્યના ચોખાના પટ્ટામાં પાકને ભારે નુકસાન થયું છે. બે પાનાની રજૂઆતમાં જયલલિતાએ એમ પણ કહ્યું હતું કે તેના ચાર સરોવરમાંથી પાણી જારી કરવા કર્ણાટકની નિષ્ફળતાથી આ વર્ષે તમામ પ્રકારના પાકને ભારે નુકસાન થયું છે. જયલલિતાએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા દાવા સહિતની વિગતો આપીને સુપ્રીમને સંતુષ્ટ કરવાના પ્રયાસ કર્યા હતા. ૧૦મી જાન્યુઆરીના દિવસે કાવેરી નિરીક્ષણ સમીતિની મિટીંગ મળી હતી જેમાં બંને રાજ્યોની રજૂઆત ઉપર ચર્ચા થઈ હતી.

## તેલંગણા મામલે શિંદે, ચિદમ્બરમ વિરુદ્ધ કેસ

નવી દિલ્હી,તા. ૨૮

તેલંગાણા મામલા પર કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે અને નાણાં મંત્રી પી ચિદમ્બરમ સામે છેતરપીંડીનો કેસ દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આંધ્રપ્રદેશના રંગારેડ્ડી કોર્ટે આ મુજબનો આદેશ આપ્યો છે. કોર્ટે બંને કેન્દ્રિય પ્રધાનો સામે કેસ દાખલ કરવા પોલીસને સૂચના આપી છે આની સાથે જ શિંદે અને ચિદમ્બરમ પણ હવે કાયદાકીય સકંજામાં ફસાઈ ગયા છે. શિંદે અને ચિદમ્બરમ ઉપર તેલંગાણા મામલે ઉદાસિન વલણ અપનાવવા અને આ મામલાને વારંવાર ટાળવાના પ્રયાસો કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજીતરફ ઈન્દિરા પાર્કમાં



આજે તે વખતે તંગદિલી ઉભી થઈ ગઈ હતી જ્યારે તેલંગાણા સમર્થક કાર્યકરોએ કોંગ્રેસના ત્રણ નેતાઓને ઘેરી લીધા હતા અને જોરદાર પથ્થરમારો ચલાવ્યો હતો. તેલંગાણા સમર્થકોએ કોંગ્રેસના સાંસદો પોનમ પ્રભારક, જી વિનોદ અને વરિષ્ઠ નેતા એ કેશવરાવને ઘેરી લીધા હતા. આંધ્રપ્રદેશના વિરોધપક્ષોનો આક્ષેપ છે કે કેન્દ્ર સરકાર તેલંગાણા પ્રશ્ને વિશ્વાસઘાત કરી રહી છે. આંદોલનને વધુ તીવ્ર બનાવવા ચેતવણી અપાઈ છે. કેટલાક કોંગ્રેસી નેતાઓએ પણ આ મામલે સમર્થકોને ટેકો આપ્યો છે. કેન્દ્રિય ગૃહમંત્રી દ્વારા આ મુદ્દે કેન્દ્ર ના અંતિમ ચુકાદા માટે આપવામાં આવેલી સમય મર્યાદા આવતીકાલે પૂરી થઈ રહી છે. તેલંગાણા રાષ્ટ્ર સમીતીના ધારાસભ્યો ટી હરિષરાવનું કહેવું છે કે તેલંગાણાના મુદ્દાને હંમેશા કોલ્ડ સ્ટોરેજમાં મુકી દેવા પ્રયાસ થઈ રહ્યા છે. કોંગ્રેસના સભ્યો વિશ્વાસઘાત કરી રહ્યા હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

## સુશીલ શિંદે બાંગ્લાદેશ પહોંચ્યા

નવી દિલ્હી,તા. ૨૮

કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે આજે સવારે તેમના બાંગ્લાદેશી સમકક્ષ ડૉ. મુહીઉદ્દીનખાનના આમંત્રણ ઉપર બાંગ્લાદેશ જવા રવાના થયા હતા. બાંગ્લાદેશની બે દિવસની યાત્રા દરમિયાન પ્રત્યાર્પણ સમજૂતી સહિત જુદા જુદા વિષય ઉપર વાતચીત કરવામાં આવશે. તેમના સમકક્ષ સાથે પ્રત્યાર્પણ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરીને એક ઐતિહાસિક પહેલ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વેપાર સમજૂતી ઉપર પણ વાતચીત આગળ વધશે. સુશીલકુમાર શિંદે તેમના સમકક્ષ ઉપરાંત બાંગ્લાદેશના વિદેશમંત્રી દીપુ મોની સાથે પણ વાતચીત કરશે. આ ઉપરાંત પાટનગર ઢાકામાં બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાને મળીને વડાપ્રધાન મનમોહનસિંહને સંદેશો પણ મોકલશે. અત્રે ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં મોટી સંખ્યામાં બળવાખોરો સક્રિય થયેલા છે જે પૈકી ઉલ્ફાના ઘણા નેતાઓ બાંગ્લાદેશમાં સક્રિય થયેલા છે. ઊલ્ફાને નેતાઓ અને અન્ય કટ્ટરપંથીઓને ભારત લાવવા માટે પ્રત્યાર્પણ સમજૂતી ખૂબ જ ઉપયોગી સાબિત થશે બાંગ્લાદેશના અનેક વોન્ટેડ શખ્સો પણ સક્રિય થયેલા છે. આવી સ્થિતિમાં બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બંને પક્ષો વેપાર સમજૂતી કરીને કારોબારને પણ આગળ વધારે તેવી શક્યતા છે. અંકુશ રેખા પર તંગદિલીપૂર્ણ સ્થિતિ સર્જાયેલી છે ત્યારે બાંગ્લાદેશની સુશીલ કુમાર શિંદેની યાત્રા ખૂબ જ મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ બે દેશોમાં મોટી સંખ્યામાં કુખ્યાત શખ્સો છૂપાયા હોવાની બાબત પહેલાં પણ સપાટી ઉપર આવી ચૂકી છે. આવી સ્થિતિમાં શિંદેની બાંગ્લાદેશના ગૃહમંત્રી સાથે વાતચીત મહત્વપૂર્ણ દેખાઈ રહી છે. બાંગ્લાદેશના વડાપ્રધાનને ભારત માટેની આમંત્રણ પણ આ ગાળા દરમિયાન આપવામાં આવે તેવી શક્યતા પણ છે.



## મુંબઇ ચાલીસમી વખત રણજી ચેમ્પિયન બન્યું

મુંબઈ, તા. ૨૮

ધવલ કુલકર્ણી અને કેપ્ટન અજિત અગરકરની કાતિલ બોલિંગથી મુંબઈ એ સૌરાષ્ટ્રને એક ઈનિંગ અને ૧૨૫ અને હરાવીને ૪૦મી વખત રણજી ટ્રોફી જીતી લીધી હતી. મુંબઈએ પહેલી ઈનિંગમાં ૨૦૭ રનની સરસાઈ મેળવ્યા બાદ પ્રથમ વાર ફાઈનલમાં રમેલા સૌરાષ્ટ્રને બીજી ઈનિંગમાં માત્ર ૮૨ રનમાં આઉટ કરી દીધું હતું. રણજી ટ્રોફી ફાઈનલમાં આ ચોથો સૌથી ઓછો સ્કોર હતો.



આ પહેલાં મુંબઈએ સૌરાષ્ટ્રના ૧૪૮ રનના જવાબમાં પ્રથમ મિટીંગમાં ૩૫૫ રન કર્યા હતા. પોતાનો ૪૪મો રણજી ફાઈનલ રમી રહેલા મુંબઈ તરફથી કુલકર્ણીએ ૩૨ રન આપીને પાંચ વિકેટ અને અગરકરે ૧૫ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. માત્ર ૩૪ રનના સ્કોર પર સૌરાષ્ટ્રે ૭ વિકેટ ગુમાવી દીધી હતી. અને તેના પર રણજી ફાઈનલમાં સૌથી ઓછા સ્કોર પર આઉટ થવાનો ખતરો સર્જાયો હતો. ૧૯૭૩માં તમિલનાડુ મુંબઈ સામે ૬૧ રનમાં આઉટ થઈ ગયું હતું.સૌરાષ્ટ્ર તરફથી દસમા નંબરના બેટ્સમેન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ સૌથી વધુ ૨૨ રન કર્યા હતા. આ સિવાય માત્ર શૌર્ય શાંડિલ્ય (૧૬) જ બે આંકડે પહોંચી શક્યો હતો.

## વિશ્વરૂપમ પર રોકથી ૩૦ કરોડનું નુકસાન

નવી દિલ્હી, તા. ૨૮

કમલ હસન દ્વારા બનાવવામાં આવેલી ફિલ્મ વિશ્વરૂપમની રજૂઆત અટકી પડતાં આના કારણે ૩૦ કરોડનું નુકસાન થઈ શકે છે. નિષ્ણાંતોનો મત છે કે કમલ હસને ૯૫ કરોડના ખર્ચે આ ફિલ્મ બનાવી છે પરંતુ કાયદાકીય સંકંજામાં આ ફિલ્મ ફસાઈ ગઈ છે. ઈન્ડસ્ટ્રી નિષ્ણાંતોનું કહેવું છે કે શરૂઆતના તબક્કામાં ૩૦ કરોડનું નુકસાન થઈ ચૂક્યું છે. મુંબઈ સ્થિત ડિસ્ટ્રીબ્યુટર રાજેશ થાડાનીનું કહેવું છે કે જો આ ફિલ્મ વહેલી તકે રજૂ નહીં થાય તો વધુ નુકસાન થશે. કમલ હસન દ્વારા નિર્દેશિત અને નિર્મિત ફિલ્મ આંતરરાષ્ટ્રીય જાસૂસી પ્રકરણ ઉપર આધારિત છે. તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળમાં ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ડબલ્સ રેન્કીંગમાં પેસ અને સાનિયા ચાર ક્રમાંક સરક્યા

નવી દિલ્હી, તા. ૨૮

ભારતીય સ્ટાર ટેનિસ ખેલાડી લીએન્ડરપેસ અને મહિલા ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાના ડબલ્સ રેન્કીંગમાં ભારે ઘટાડા થવા પામ્યો છે. વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ સ્પર્ધા ઓસ્ટ્રેલિયન ઓપનમાં પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ ગયેલ લીએન્ડરપેસ અને સાનિયા મિર્ઝા આજે જારી થયેલ ડબલ્સ રેન્કીંગમાં ચાર-ચાર ક્રમાંક નીચે સરકી ગયા છે. પરંતુ ખભાની ઈજાથી ટેનિસમાં પરત ફરેલા સોમદેવ દેવબર્મન પ્રથમ રાઉન્ડમાં જીત્યો હતો. જેથી સિંગલ્સ રેન્કીંગમાં તે આગળ વધ્યો છે. પેસ અને એક ગણરાજ્યનો તેનો જોડીદાર રડિક સ્ટેપનેક વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ સ્પર્ધાના પુરુષ ડબલ્સમાં પ્રથમ રાઉન્ડમાં જ હારી ગયા હતા. જેની વિપરીત અસર પેસના રેન્કીંગ પર પડી હતી તે હવે ટોચના પાંચ ખેલાડીઓમાંથી બહાર થઈ ગયો છે. ભારતનો આ ટોચનો ખેલાડી એટીનીની તાજેતરની રેન્કીંગમાં ૪ ક્રમાંક નીચે સરકી સાતમા સ્થાને આવી ગયો છે.



ભારતના અન્ય બે ડબલ્સ ખેલાડી મહેશભૂપતિ અને રોહન બોપન્ના અનુક્રમે ૧૧ અને ૧૨માં ક્રમે યથાવત છે. બીજીબાજુ સાનિયા મિર્ઝા અને અમેરિકાની તેની જોડીદાર બૈથેની માટેક સૈન્ડસની પણ મહિલા ડબલ્સમાં પ્રથમ રાઉન્ડમાં હારી ગઈ હતી. જેથી સાનિયાના ડબલ્સ રેન્કિંગમાં પણ ૪ ક્રમનો ઘટાડો થતા તે હવે ૧૬માં સ્થાને આવી ગઈ છે.પુરુષ સિંગલ્સમાં સોમદેવે પ્રથમ રાઉન્ડમાં જર્મનીના બ્યોર્ન ફાઉને સીધા સેટમાં હાર આપી હતી. જેના લીધે તે ૧૯૭ સ્થાનનો કુદકો લગાવી ૩૯૭માં સ્થાને આવી ગયો છે.

## સબમરીનમાંથી પ્રહાર કરશે ભારતની પરમાણુ મિસાઈલ

નવીદિલ્હી,તા. ૨૮

જમીન અને આકાશ બાદ ભારત હવે દરિયામાંથી પરમાણુ હુમલો કરવામાં સક્ષમ એવા પાંચ દેશોની ક્લબમાં સામેલ થઈ ગયું છે. સબમરીનમાંથી પરમાણુ શસ્ત્રોનો પ્રહાર કરવા માટે સક્ષમ મધ્યમ અંતરની કે-૫ બેલેસ્ટીક મિસાઈલનું ભારતે રવિવારે સફળ પરીક્ષણ કર્યું છે. બંગાળની ખાડીમાં દરિયા વચ્ચે લગભગ બપોરે ૧.૪૦ વાગ્યે આ મહત્વકાંક્ષી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ભારતમાં જ નિર્મિત આ મિસાઈલ સબમરીનમાંથી ઑપરેટ થઈ શકે છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ આ મિસાઈલનું અગાઉ વિભિન્ન નામો દ્વારા દસ વખત પરીક્ષણ થઈ ચૂક્યું છે અને રવિવારે તેનું અંતિમ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અગિયારમું પરીક્ષણ સફળ થતાં જ ભારતે પ્રથમવાર આ મિસાઈલ વિશે દુનિયાને જાણ કરી હતી. ભારત સિવાય અમેરિકા, ફ્રાંસ, રશિયા અને ચીન પાસે આ પ્રકારની મિસાઈલ ટેકનોલોજી છે જે દરિયાના પેટાળમાંથી પ્રહાર કરી શકે છે.

ડીઆરડીઓનાં પ્રમુખ વી.કે.સારસ્વતે જણાવ્યું છે કે, કે-૫ મિસાઈલે પરીક્ષણનાં તમામ માપદંડોને પૂરા કર્યા છે, તેમનાં જણાવ્યા મુજબ મધ્યમ અંતરનું આ મિસાઈલ ૧૫૦૦ કિલોમીટર ડીઆરડીઓનાં એ અભિયાનનો હિસ્સો છે જેનાં અંતર્ગત ભારતીય સુરક્ષાબળો માટે પાણીની અંદરથી પ્રહાર કરનાર મિસાઈલોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ મિસાઈલને બીઓ-૫નાં નામથી પણ ઓળખવામાં આવે છે. અને કહ્યું છે કે, સબમરીન આધારિત મિસાઈલ ટૅકનોલૉજીમાં કુશળતા મેળવવી એ એક ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે અને ભારતનાં આ પગલાંથી સેનાની મારક ક્ષમતા અનેકગણી વધી જશે. ભારતે અગાઉ પણ



સુધી પ્રહાર કરવામાં સક્ષમ છે. ઉલ્લેખનીય છે કે, મધ્યમ અંતરનાં મિસાઈલ ૬૦૦ કિલોમીટરથી ૨૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરવામાં સક્ષમ હોય છે. આ પરીક્ષણ બાદ હવે કે-૫ મિસાઈલને સ્વદેશી સબમરીન આઈએનએસ અરિહંતમાં લગાવવામાં આવશે. આ મિસાઈલ મિસાઈલનાં વિકાસની જવાબદારી ડીઆરડીઓનાં હૈદરાબાદ સ્થિત રક્ષા અનુસંધાન અને વિકાસ પ્રયોગશાળા (ડીઆરડીએલ)ને સોંપવામાં આવી હતી. સુરક્ષા મામલાનાં વિશેષજ્ઞ કોમોડોર (સેવા નિવૃત્ત) ઉદય ભાસ્કરે ડીઆરડીઓની આ સફળતાને દેશ માટે મહત્વપૂર્ણ ગણાવી છે મિસાઈલ ટૅકનોલૉજીમાં અનેક સીમાચિન્હો સર કર્યા છે. હવે ડીઆરડીઓ પાણીની અંદરથી પ્રહાર કરનાર અન્ય બે મિસાઈલોનો વિકાસ કરવામાં જોડાઈ ગયું છે, એમાં એ-૧૫ અને બ્રહ્મોસ સામેલ છે જેમની પ્રહાર કરવાની ક્ષમતા ક્રમશ ૭૫૦ અને ૨૯૦ કિલોમીટર જેટલી છે.

## સમાચાર ઝલક

- બ્રાઝિલમાં નાઇટ કલબમાં આગ આગતાં ૨૩૨ લોકોનાં મોત.
- શ્રીમતી સોનિયા ગાંધીએ અણ્ણા હજારેને પત્રની જાણકારી કરી કે બજેટ સત્રમાં લોકપાસ વિધયેક પાસ કરવા પ્રયત્નો કરશે.
- અમદાવાદના દિલ્હી દરવાજા પાસે ખાનગી ગોળીબાર કરીને ગુનેગારો ફરાર.
- ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠામાં મહિલા સુરક્ષા સ્કોવોર્ડની શરૂઆત.
- ભારત-પાકિસ્તાનની બસ સેવા વેપારની પુનઃ શરૂઆત કરવામાં આવી.
- ‘વિશ્વરૂપમ’ કમલ હસનની ફિલ્મ પરનો પ્રતિબંધ હટાવવાની શિવસેનાની માંગણી, કોર્ટમાં મંગળવારની મુદત.
- વસ્ત્રાપુરમાં બેંક પાસે રૂપિયા ૧૬ લાખની લૂંટ.
- મુંબઇમાં દોઢ કરોડની ઓડી કારને રહસ્યમય આગ લાગી.
- તાજ કોરિડોરમાં ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી મુશ્કેલીમાં.
- તેલગાણા રાજયનાં મુદ્દે હૈદરાબાદમાં ધરણા પ્રદર્શન, દેખાવો ચાલુ.
- કુંભ મેળામાં ફરીથી આગનો બનાવ બન્યો.
- અમદાવાદમાં ડ્રોથી બી.એમ.ડબલ્યુ કાર જીતતા અમદાવાદી.
- ઇજિપ્તમાં દેખાવોથી ત્રણ શહેરોમાં કટોકટીના આદેશ કરવામાં આવ્યા.
- ભાભરની જલારામ ગૌશાળામાં આગ.